# NATIONAL STUDENTS' UNION OF INDIA

"Rajiv GandhI Bhavan", Ellisbridge, Ahmedabad-6. Tel:26578212-13, FAX :26579589

ભાવિક સોલંકી

રાષ્ટ્રીય સંયોજક

## અખબારી યાદી

તા. ૦૨/03/૨૦૨૨

યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધની પરિસ્થિતિને ધ્યાને રાખતા જે ભારતમાંથી અભ્યાસ કરવા સંદર્ભ યુક્રેન ગયેલા વિદ્યાર્થીઓ જેઓ યુદ્ધની પરિસ્થિતિને લીધે યુક્રેન દેશમાં ફસાયેલ છે. તેઓને ભારત પરત લાવવા મામલે એન.એસ.યુ.આઈ. દ્વારા ગુજરાત યુનિવર્સિટી ચાર રસ્તા ખાતે ૧૦૦ થી વધુ કાર્યકર્તાઓ પ્લે કાર્ડ સાથે વિદ્યાર્થીઓને પરત લાવવા માંગણી કરી હતી.

યુક્રેનમાં ફસાયેલા ભારતીય અને ગુજરાતી વિદ્યાર્થીઓ સલામત પરત આવે તેવી માંગ સાથે યોજાયેલ કાર્યક્રમમાં એન.એસ.યુ.આઈ.ના રાષ્ટ્રીય સંયોજક શ્રી ભાવિક સોલંકીએ જણાવ્યું હતું કે, યુક્રેનમાં ફસાયેલા ભારતીય વિદ્યાર્થીઓને વહેલામાં વહેલી તકે ભારત સલામત પરત લાવવામાં આવે. કેન્દ્ર સરકારની નિષ્ક્રિયતાને લઈને પણ વિદ્યાર્થી - વાલીઓનો ભારે આક્રોશ છે, ત્યારે વિદ્યાર્થીઓની સલામતિ માટે એન.એસ.યુ.આઈ. ચિંતિંત છે ભારત સરકાર જાહેરાતો અને ભાષણને બદલે સક્રિયતા દાખવે અને ભારતીય - ગુજરાતી વિદ્યાર્થીઓને સલામત પરત લાવે તેવી માંગ કરી હતી.

આ કાર્યક્રમમાં ગુજરાત એન.એસ.યુ.આઈ.ના આગેવાન શ્રી કિરણસિંહ રાજપુત, દિલીપ જલોસિયા, રાહુલ પરમાર, ગૌરાંગ મકવાણા, નૈતિક શાહ, સુનિલ શુકલા, સંજય સોલંકી, ઓમકારસિંહ વાઘેલા, ભાવિક પરમાર, જયમીન સોનારા, હર્ષ મકવાણા, હર્ષ પરમાર, પૃથ્વીરાજસિંહ સોલંકી સહિતના આગેવાનો અને કાર્યકર્તાઓ વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા.

(ભાવિક સોલંકી)

નોંધઃ કાર્યક્રમના ફોટોગ્રાફ્સ આપશ્રીને ઈ-મેઈલ કરેલ છે.

ઈ-૨૩૧, પ્રભાકર ટેનામેન્ટ, જી. ડી. હાઈસ્કૂલ રોડ, સૈજપુર, બોઘા, અમદાવાદ – ૩૮૨૩૪૫

મો. ૯૭૧૨૭૧૯૦૮૧